Letter No: SJED/0268/05/2023 Dt: 22-06-2023

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હંગામી મહેકમ અને આઉટસોર્સની જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:SJED/GTA/e-file/17/2022/3207/A Section,
સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા:૨૮/૦૨/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ

(૨) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા:૧૦/૦૪/૨૦૨૩નો પત્ર ક્રમાંક:ગુઠાકોવિનિ/વહટ/ ૨૦૨૨-૨૩/૩૧૫૧-૩૧૫૨

આમુખ:

વંચાણે લીધા ક્રમ (૧)ના ઠરાવથી ગુજરાત ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમની મંજૂર હંગામી મહેકમની ૭ અને આઉટસોર્સની ૬ એમ કુલ ૧૩ જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૩ સુધી પશ્ચાતવર્તી અસરથી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ (૨)ના પત્રથી ૧૪ જગ્યાઓને તા:૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવા નિગમે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની મહેકમની નીચે મુજબ કુલ – ૧૪ જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધીન તા:૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલું રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેક્ટર વર્ગ-૧ | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ | ૧ |
| ૩ | કચેરી અધિક્ષક વર્ગ-૩ | ૧ |
| ૪ | જુનિયર ક્લાર્ક વર્ગ-૩ | ૧ |
| ૫ | ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૪ |
| ૬ | પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ | ૧ |
| ૭ | વસુલાત અધિકારી | ૧ |
| ૮ | ડ્રાઇવર (એમ.ડી.શ્રી) | ૧ |
| ૯ | પટાવાળા | ૩ |
| | કુલ | ૧૪ |

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની એબેયન્સમાં મુકેલ હિસાબી અધિકારી વર્ગ-૨ની ૦૧ જગ્યાને એબેયન્સમુક્ત કરાવ્યા બાદ જગ્યા ચાલું રાખવા અલગથી મંજૂરી મેળવવા વિભાગને પુન: દરખાસ્ત કરવાની રહેશે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

(૯) એક વર્ષ કરતા વધુ સમયથી પરંતુ ત્રણ વર્ષ કરતા ઓછા સમયથી ખાલી હોય તેવી જગ્યાઓને એબેયન્સમાં મુકવાની રહેશે.

(૧૦) એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા નાણા વિભાગ(કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી એબેયન્સમુક્ત કરાવી લેવાની રહેશે.

(૧૧) ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાને રદ કરવાની રહેશે.

(૧૨) વર્ગ-૪ સંવર્ગની રેગ્યુલર પગાર ધોરણની જગ્યાઓ નિવૃતિ/રાજીનામું/મૃત્યુ જેવા કારણોસર ખાલી પડે તો આ જગ્યાઓ રદ કરવાની રહેશે. તેમજ સા.વ.વિ.ના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ આઉટસોર્સથી ભરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૦૮/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Chiragkumar Rasikbhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Jun-2023 12:56 PM

(ચિરાગ પટેલ)

સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ